## રાજય સરકારના કર્મચારીઓને ઊચ્ચતર પગાર યોજના અંગેનો લાભ આપવા બાબત

| ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | મર્યાદિત બઢતીની તકો અને એકજ સંવર્ગમાં પગારના મહત્તમ તબક્કે પહોંચેલા કર્મચારીની કાર્યક્ષમતા જાળવી રાખવા અને નાણાંકિય લાભ આપવા માટે કઇ યોજના અમલમાં મૂકવામાં આવી. | (૧)સીલેક્શન ગ્રેડ આપવાની યોજના અથવા<br>(૨) ઉચ્ચત્તર પગાર-ધોરણ યોજના |
| ૨ | સૌ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ક્યારથી અને ક્યા સ્વરુપે અમલમાં મૂકવામાં આવી. અને કઇ તારિખના ઠરાવથી | તા. ૨૦/૨/૧૯૯૧ના ઠરાવ દ્વારા તા. ૧/૧/૧૯૯૧થી ૧૨-૨૪વર્ષેની ઉચ્ચત્તર પગાર ધોરણ અમલમાં મૂકી પરંતુ તે અમલમાં આવે તે પૂર્વે તા. ૫/૦૭/૧૯૯૧ના ઠરાવથી સુધારી ૯-૧૮-૨૭ અમલમાં મૂકી |
| ૩. | ૧૨-૨૪ ની યોજનામાં શું ફેરફાર કરવામાં આવ્યો, કઇ તારિખથી અમલીકરણ કરવા ઠરાવવામાં આવ્યું, અને ક્યા ઠરાવથી | ૯-૧૮-૨૭ની ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાનો અમલ ૧/૦૬/૧૯૮૭થી કરવામાં આવ્યો<br>તા. ૫/૦૭/૧૯૯૧ના ઠરાવથી દાખલ કરી<br>તા. ૧૬/૦૮/૧૯૯૪ના સુધારાત્મક ફેરફાર કર્યા. |
| ૪ | તા. ૧૬/૮/૧૯૯૪ના ઠરાવ મુજબ કરેલ સુધારત્મક ફેરફારો પ્રમાણે ૯, ૧૮ અને ૨૭ વર્ષે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચત્તર પગાર માળખું ક્યારે મળવાપાત્ર છે. | તા. ૧/૦૬/૧૯૮૭ના રોજ ગમે તેટલા વર્ષની નોકરી થઇ હોય પણ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળશે અને પ્રથમ ઉચ્ચત્તર મળ્યા પછી સબંધિત સંવર્ગમાં ૧૮ કે ૨૭ વર્ષ પૂર્ણ કરે અથવા સબંધિત પગાર ધોરણમાં મહત્તમ તબ્બકે પહોંચ્યા પછી એક વર્ષ પુરુ કરેલ હોય બે માંથી જે મોડુ હોય ત્યારે મળવા પાત્ર થશે. |
| ૫ | આ ઉચ્ચત્તર યોજનાનો લાભ ક્યા કર્મચારીઓને મળવાપાત્ર છે. | રાજય, પંચાયત બોર્ડ/કોર્પોરેશન, અને અનુદાન મેળવતી સંસ્થાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓને |
| ૬. | શૈક્ષણિક કર્મચારીઓ (શિક્ષકો) ક્યા સ્વરુપે અને ક્યા ઠરાવથી | શૈક્ષણિક કર્મચારીઓ (શિક્ષકો)ઉચ્ચત્તર પગાર ધોરણ ૯-૨૦-૩૧ તા. ૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવથી |
| ૭. | હાલ ઉચ્ચત્તર પગાર ધોરણ ક્યારથી અને ક્યા સ્વરુપે અમલમાં મૂકવામાં છે. અને કઇ તારિખના ઠરાવથી | તા. ૨/૦૭/૨૦૦૭ થી ૧૨-૨૪ ઉચ્ચત્તર પગાર યોજના પ્રથમ ૧૨વર્ષે- દ્વિતિય ૨૪ વર્ષે<br>તા. ૨/૦૭/૨૦૦૭ ના ઠરાવથી |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૮. | તા. ૨/૦૭/૨૦૦૭ના ઠરાવથી લાગુ પાડેલ ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના હેઠળ કોણ લાભ મેળવવાને પાત્ર થાય છે. | (૧) રાજય સરકારના કર્મચારીઓ<br>(૨) પંચાયતના કર્મચારીઓ<br>(૩) સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા/કોલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો તા. ૫/૦૭/૧૯૯૧ ના રોજ રાજય સરકાર હસ્તક હતા તેવા કર્મચારીઓને<br>(૪) ઉપરોક્ત કર્મચારીઓ કે જેઓને નાણાં વિભાગના તા. ૧૮//૩/૨૦૦૫ના ઠરાવ થી અમલમાં આવેલ વર્ધિત પેન્સન લાગુ પડે છે તે તમામ કર્મચારીઓને. |
| ૯. | હાલની તા. ૨/૭/૨૦૦૭થી અમલમાં આવેલ ૧૨-૨૪ની યોજના કોને લાગુ પડતી નથી. | યોજના હેઠળ કામ પૂરતા મહેકમ (વર્કચાર્જડ એસ્ટાબ્લીસમેંટ) ને લાગુ પડતી નથી. |
| ૧૦. | ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર-ધોરણ આપવાની યોજના હેઠળ પ્રથમ ઉચ્ચત્તર મંજુર કરવા માટે પાત્રતાના ધોરણો | (૧) તા. ૨/૭/૨૦૦૭ના રોજ કે તે પછી એકજ સંવર્ગમા ૧૨ વર્ષની નોકરી,<br>(૨) નોકરી દરમ્યાન એક કરતાં વધુ બઢતી મળેલી ન હોવી જોઇએ. |
| ૧૧ | તા. ૨/૭/૨૦૦૭ના ઠરાવથી લાગુ પાડેલ યોજનાથી ક્યા સંવર્ગોને લાભ પ્રાપ્ત થશે. | જે જગ્યા(સંવર્ગ)નો પગાર અથવા પગાર માળખાનો મહત્તમ તબક્કો (રૂ. ૩૪,૮૦૦ વત્તા ૪૬૦૦) માસિક રૂ. ૩૯,૪૦૦/- કરતાં વધતો ન હોય તેવી જગ્યાઓને લાભ મળશે. |
| ૧૨ | તા.૨/૭/૨૦૦૭ના ઠરાવથી લાગુ પાડેલ યોજના હેઠળ પ્રાપ્ત થાય તે ઉચ્ચતર પગાર માળખાનો મહત્તમ તબક્કો કેટલો થશે. | મળવાપાત્ર ઉચ્ચત્તર વાળી જગ્યાનું ઊંચામાં ઊંચુ પગાર માળખું રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ના પગાર માળખાથી વધશે નહિં. |
| ૧૩ | ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનામાં કેવા પ્રકારનો લાભ આપવામાં આવે છે. | કર્મચારી જે જગ્યાએ બઢતી માટે હક્કદાર હોય તે બઢતીવાળી જગ્યાના પગાર ધોરણમાં બઢતી મળ્યા મુજબ પગાર નક્કી કરી નાણાંકિય લાભ આપવામાં આવે છે. |
| ૧૪ | જે સંવર્ગમાં બઢતીની જગ્યા ન હોય તેવા કર્મચારીને ઉચ્ચત્તરનો લાભ કેવી રીતે આપવો. | જે સંવર્ગમાં બઢતીની જગ્યા ન હોય તેવા કિસ્સામાં કર્મચારીના હાલના પગાર ધોરણથી તુરત ઉપરના પગાર ધોરણનો લાભ આપવામાં આવે છે. |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૧૫ | જે સંવર્ગમાં એક કરતાં વધુ સંવર્ગમાં બઢતી મળવાપાત્ર હોય તેવા કર્મચારીને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ કેવી રીતે આપવો. | જે સંવર્ગમાં એક કરતાં વધુ સંવર્ગમાં બઢતી મળવાપાત્ર હોય તેવા કર્મચારીને બઢતીના જુદા જુદા પગાર ધોરણો પૈકી સૌથી લઘુતમ પગાર ધોરણનો લાભ પ્રાપ્ત થશે. |
| ૧૬ | તા. ૨/૭/૨૦૦૭ની ૧૨-૨૪ની ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના હેઠળ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ક્યારે પ્રાપ્ત થાય. | ૧૨-૨૪ની ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના હેઠળ તા. ૨/૭/૨૦૦૭ કે તે પછીની જે તારિખે કર્મચારી/અધિકારીની સેવાના ૧૨ વર્ષની નોકરી (ઇજાફા પ્રાપ્ત કરે) પૂર્ણ થયેથી. |
| ૧૭ | પ્રથમ ઉચ્ચત્તર મંજુર કરવા માટેની મુખ્ય શરત | પ્રથમ ઉચ્ચત્તર મંજુર કરતી વેળાએ એક કરતાં વધુ બઢતી મળેલ ના હોવી જોઇએ. |
| ૧૮ | તા. ૨/૭/૨૦૦૭ની ૧૨-૨૪ની ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના હેઠળ કર્મચારી/અધિકારીને દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ ક્યારે પ્રાપ્ત થાય. | નોકરી શરુ થયાના ૨૪મા વર્ષેનું બીજું ઉચ્ચત્તર, પ્રથમ ઉચ્ચત્તર મંજુર થયા પછીના ૧૨ વર્ષે, પરંતુ તે દરમ્યાન એક કરતાં વધુ ઉચ્ચત્તર /બઢતી પ્રાપ્ત ન થયેલ હોય. |
| ૧૯ | જુની ૯-૧૮-૨૭ની યોજના મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ પ્રાપ્ત કરેલ કિસ્સામાં ૧૨-૨૪ની યોજના હેઠળ દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ ક્યારે પ્રાપ્ત થાય. | તા. ૨/૭/૨૦૦૭ અગાઉ જુની ૯-૧૮-૨૭ની યોજના મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ પ્રાપ્ત કરેલ તારિખથી કર્મચારી/અધિકારીની સેવાના ૧૫ વર્ષની નોકરી પૂર્ણ થયેથી દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ પ્રાપ્ત થશે. |
| ૨૦ | દ્વિતિય ઉચ્ચત્તર મંજુર કરવા માટેની મુખ્ય શરત કઇ રાખેલ છે. | દ્વિતિય ઉચ્ચત્તર મંજુર કરતી વેળાએ બે કરતાં વધુ બઢતી/ઉચ્ચત્તર મળેલ ના હોવી જોઇએ. |
| ૨૧ | તા. ૨/૭/૨૦૦૭ના ઠરાવ/હુકમ પછી જેને નોકરીમાં ૯ વર્ષ પૂર્ણ થતા હોય તેવા કિસ્સામાં ક્યારે ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ પ્રાપ્ત થાય. | તા. ૨/૭/૨૦૦૭ના ઠરાવ/હુકમ પછી જેને નોકરીમાં ૯ વર્ષ પૂર્ણ થતા હોય તેવા કર્મચારી/અધિકારીને નોકરીના ૧૨ વર્ષ (૧૨ ઇજાફા) પૂર્ણ થયેથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ પ્રાપ્ત થાય. (વિકલ્પની જોગવાઇ નથી) |
| ૨૨ | તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની શરતો પ્રમાણે ૯-૧૮-૨૭ વર્ષે પ્રથમ, દ્વિતિય અને ત્રુતીય પગાર માળખું ક્યાં સુધી મળવાપાત્ર છે. | તા. ૧/૦૭/૨૦૦૭ સુધી જ તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની શરતો પ્રમાણે ૯-૧૮-૨૭ વર્ષે પ્રથમ, દ્વિતિય અને ત્રુતીય પગાર માળખું મળવાપાત્ર છે. |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૨૩ | તા. ૨/૦૭/૨૦૦૭ પછી કર્મચારીને પાત્રતાના ક્યા ધોરણો મુજબ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર છે. | નાણાં વિભાગના તા. ૨/૦૭/૨૦૦૭ના ઠરાવથી નક્કી થયેલ શરતોને આધિન ૧૨ વર્ષે પ્રથમ અને ૨૪ વર્ષે દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર છે. |
| ૨૪ | ત્રુટક ત્રુટક બઢતી ના કિસ્સામાં ઉચ્ચત્તર મંજુર કરવા અંગે શું જોગવાઇ છે. | ત્રુટક ત્રુટક બઢતી ના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઇજાફાના હેતુ માટે ગણતરીમાં લેવાતો હોય તો ઉચ્ચત્તર પગાર ધોરણ માટે નીચલી સેવાઓ ધ્યાનમાં લેવી, પરંતુ ઉપલા પગાર ધોરણની ગણતરી માટે આવી સેવા ધ્યાનમાં લેવામાં આવશે નહિં |
| ૨૫ | કર્મચારીની બઢતી માટે આવશ્યક ખાતાકિય પરીક્ષા સંદર્ભે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા શું જોગવાઇ છે. | બઢતી માટે આવશ્યક ખાતાકિય પરીક્ષા સંદર્ભે કર્મચારી પોતાના સંવર્ગમાં ૧૨ વર્ષ પૂરા કર્યા બાદ પરીક્ષા પાસ કર્યાની તારિખે પાત્રતાના આધારે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું થાય. |
| ૨૬ | કર્મચારીની બઢતી માટે આવશ્યક ખાતાકિય પરીક્ષા સંદર્ભે દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા શું જોગવાઇ છે. | ૨૪ વર્ષે દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવા માટેની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હશે, તેવા કર્મચારીને પાત્રતાની તારિખથી નિયત તકમાં ખાતાકિય પરીક્ષા પાસ કરવાની શરતે મંજુર કરી શકાશે. |
| ૨૭ | ખાતાકિય પરીક્ષાઓ યોજવા અને તે અંગે તાલિમમાં મોકલવાની જવાબદારી કોના શીરે છે. | ખાતાકિય પરીક્ષાઓ યોજવા અને તે અંગે સબંધિત કર્મચારી/અધિકારીને તાલિમમાં મોકલવાની જવાબદારી જે તે ખાતાના વડાની રહેશે. |
| ૨૮ | નિયત તકમાં ખાતાકિય પરીક્ષા પાસ કરવાની જવાબદારી કોની ? | નિયત તકમાં ખાતાકિય પરીક્ષા પાસ કરવાની સબંધિત કર્મચારીની જવાબદારી છે. |
| ૨૯ | નિયત ખાતાકિય પરીક્ષા પાસ ના થઇ શકે તો શું પરિણામ ? | મંજુર કરેલ ઉચ્ચત્તર પગાર ધોરણ પરત લઇ મુળ પગાર ધોરણમાં મૂકવામાં આવશે. |
| 30 | મૂળ સંવર્ગમાં પરત મૂકતાં તેને શું નાણાકિય નુકશાન થાય. | મંજુર કરેલ ઉચ્ચત્તર પગાર ધોરણ પરત લઇ મુળ પગાર ધોરણમાં આવી જતાં થતું નાણાકિય નુકશાન |
| ૩૧ | પાત્રતા શિવાય ચૂકવાયેલ ઉચ્ચત્તર પગારની રકમ અને ચૂકવવાપાત્ર મૂળ પગારની રકમ વચ્ચેનો તફાવત વસુલવા અંગે શું જોગવાઇ છે. | વધુ ચુકવાયેલ રકમ વસુલ કરવાની રહેશે, પરંતુ સબંધિત કર્મચારીને ખાતાકિય પરીક્ષા પસાર કરવા માટે મળવાપાત્ર નિયત તક જેટલા સમયગાળા માટે ચૂકવેલ વધારાના પગાર ભથ્થાની વસુલાત કરવાની રહેશે નહિં. |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૩૨ | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે ખાનગી અહેવાલ તપાસવાની આવશ્યકતા અંગે શું જોગવાઇ છે. | ૨૪ વર્ષ સુધીમાં એકપણ બઢતી મળેલ ન હોય, ત્યારે ૨૪ વર્ષે દ્વિતિય ઉચ્ચત્તરની વિચારણા કરતી વખતે કર્મચારી હાલ જે સંવર્ગમાં હોય તેની એકન્દર કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે. |
| ૩૩ | પ્રથમ અને દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણની વિચારણા કરતી વખતે કોમ્પ્યુટર પરીક્ષાની પાત્રતા અંગે શું જોગવાઇ છે. | ૧૨ અને ૨૪મા વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવાપાત્ર કર્મચારીઓએ લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર કરેલી હોય તો પાત્રતાની મુળ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરી શકાશે. |
| ૩૪ | ખાતાકિય પરીક્ષા પાસ કરવાની શરતે ઉચ્ચત્તર પગાર મંજુર થયા બાદ કર્મચારી સ્વૈચ્છિક નિવૃત થાય તો તે માટે શું જોગવાઇ છે. | ખાતાકિય કે કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા શિવાય સ્વૈચ્છિક નિવૃતિના કિસ્સામાં કર્મચારીએ મેળવેલ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ પરત કરવાનો રહેશે. |
| ૩૫ | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે ઇજાફાપાત્ર નોકરીની ગણતરીમાં કઇ બાબતો ધ્યાનમાં લેવાની નથી. | (૧) બિનપગારી રજાનો સમય ઇજાફાપાત્ર ગણાતો ન હોવાથી તે ગણતરીમાં લેવાશે નહિં<br>(૨) અગ્રિમ ઇજાફા અથવા ખાસ ઇજાફા ગણતરીમાં લેવાશે નહિં |
| ૩૬ | એક જ સંવર્ગમાં/ખાતામાં અલગ-અલગ નામાભિધાન ધરાવતી જગ્યાઓ ઉપર આપેલ સેવાઓ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લેવામાં આવશે. | હા. |
| ૩૭ | સમાન પગાર ધોરણ હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉ આપેલ સેવાઓ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લેવામાં આવશે | ના |
| ૩૮ | અનુમાનિત તારીખ (Deemed Date) ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર માટે ગણતરીમાં લઇ શકાશે. | હા |
| ૩૯ | પુર્નનિર્ધારિત (Re-Adjustment Date) ઉચ્ચત્તર માટે ધ્યાને લેવાશે | ના |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૪૦ | કોઇ ખાતા/કચેરીમાં જગ્યા બંધ થવાથી ફાજલ (સરપ્લસ) થયેલ કર્મચારીઓને ઉચ્ચત્તર મળશે. | ના. ફાજલ (સરપ્લસ) થયેલ કર્મચારીઓને અગાઉના ખાતા/કચેરીમાં આપેલ સેવાઓ ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર મંજુર કરવા ગણતરીમાં લઇ શકાશે નહિં. |
| ૪૧ | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તા કોને છે. | ઉચ્ચત્તર પગાર ધોરણ વાળી જગ્યા ઉપર નિમણુંક સત્તાધિકારી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ. |
| ૪૨ | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટે કર્મચારીની પાત્રતા નક્કી કરવા ક્યાં ધોરણો છે. | (૧) કર્મચારીની એકંદર સંતોષકારક કામગીરી. બઢતી માટે નિયત પરીક્ષાઓ પાસ કરેલ હોય અને બઢતી માટે લાયક હોવું<br>(૨) કોઇ તપાસ પ્રક્રિયા બઢતીને અવરોધક ના હોવું<br>(૩) છેલ્લા પાંચ વર્ષના "સારા" ખાનગી અહેવાલો |
| ૪૩ | કર્મચારી ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતાની તારીખે ફરજમોકુફી હેઠળ હોય અથવા તેને શિસ્ત અને અપીલના નિયમોના નિયમ-૯ અથવા ૧૦ હેઠળ આક્ષેપપત્ર આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરી શકાય. | ના.<br>શિસ્ત અને અપીલના નિયમોના નિયમ-૯ અથવા ૧૦ હેઠળ આક્ષેપપત્ર અન્વયેની ખાતાકિય તપાસના નિર્ણયના અનુંસંધાને તા. ૧૫/૯/૨૦૧૫ના ઠરાવની સુચનાઓ મુજબ નિર્ણય લેવાનો રહે. |
| ૪૪ | ઉચ્ચત્તર પગાર ધોરણને પાત્રતા ધારણ કરે પરંતુ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થાય તે પહેલાં ફરજ મોકુફી કે ખાતાકિય તપાસ શરુ થાય તેવા કિસ્સામાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરી શકાય. | તા. ૩૧/૩/૨૦૦૫ ના ઠરાવથી તપાસના નિર્ણય સુધી સ્થગિત કરવાની સુચના હતી. અદાલતી ચૂકાદાઓ ધ્યાને લઇ તા.૧૫/૯/૨૦૧૫ના ઠરાવથી નિર્ણય બંધ કવરમાં રાખી ખાતાકિય પરિણામમાં દોષમુક્ત/નાની શિક્ષાના કિસ્સામાં મૂળ તારીખથી ઉચ્ચત્તર અને મોટી શિક્ષાના કિસ્સામાં ઉચ્ચત્તર મંજુર કરી શકાશે નહિં, |
| ૪૫ | ખાતાકિય તપાસના નિર્ણયના અંતે ભવિષ્યની અસર સહિત અથવા ભવિષ્યની અસર સિવાય ઇજાફા અટકાવવાની શિક્ષા કરવામાં આવી હોય તેવા કિસ્સામાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા અંગે શું સુચના છે. | હા,<br>ખાતાકિય તપાસના નિર્ણયના અંતે ભવિષ્યની અસર સહિત અથવા ભવિષ્યની અસર સિવાય ઇજાફા અટકાવવાની શિક્ષા કરવામાં આવી હોય તેવા કિસ્સામાં ઉચ્ચત્તર પગાર ધોરણ માટે આવશ્યક ૧૨ ઇજાફા પુરા થાય તે પાત્રતાની તારીખથી મંજુર કરી શકાય. |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૪૬ | ખાતાકિય તપાસ, ફરજમોકુફી તેમજ ફોજદારી કેસમાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા અંગે કરવાની કાર્યવાહી માટે કોઇ વિશેષ સુચનાઓ છે. | હા, નાણા વિભાગના ઠરાવ ક્રમાંક પગર/૧૦૨૦૧૨/૫૬૭૭૨૯/મ તા. ૧૫/૯/૨૦૧૫ અન્વયે વિગતવાર સુચનાઓ આપેલ છે. |
| ૪૭ | એકાકી સંવર્ગ ધરાવતી જગ્યાના કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા અંગે શું જોગવાઇ છે. | જે જગ્યા એકાકી હોય તે માટે દરેક પગાર ધોરણ માં તુરત જ ઉપરનું પગાર ધોરણ (પે બેન્ડ + ગ્રેડ પે ) તા. ૨/૭/૨૦૦૭ના ઠરાવની અનુસુચી-૧ મુજબ મંજુર કરવપાત્ર થાય. |
| ૪૮ | એકાકી સંવર્ગમાં ઉચ્ચત્તર પગાર ધોરણ વાળી જગ્યા ના હોવાના સંદર્ભે ઉચ્ચત્તર પગાર મંજુર કરવાની સત્તા કોને પ્રાપ્ત થાય છે. | નાણા વિભાગના તા. ૫/૪/૨૦૦૪ના ઠરાવથી<br>(૧) વર્ગ-૨ અને તે ઉપરની જગ્યાના ઉચ્ચત્તર પગાર ધોરણ સબંધિત વહીવટી વિભાગ દ્વારા<br>(૨) વર્ગ-૨ થી નીચેના સંવર્ગની જગ્યાના પગાર ધોરણ સંબધિત નિમણુંક સત્તાધિકારી દ્વારા |
| ૪૯ | જે જગ્યાના બઢતીના માળખામાં તા. ૧/૬/૮૭ પછી ફેરફાર કરવામાં આવેલો હોય તેવા કિસ્સામાં ફેરફાર પહેલાં બઢતીની જે જગ્યાનું પગાર-ધોરણ ચાલુ રહેશે કે ફેરફાર વાળુ નવું પગાર ધોરણ | જગ્યાના બઢતીના માળખામાં તા. ૧/૬/૮૭ પછી ફેરફાર થયેલ હોય તેવા કિસ્સામાં ફેરફાર અગાઉ બઢતીની જગ્યાનું મંજુર થયેલ પગાર-ધોરણ ચાલુ રહેશે.<br>નવું પગાર ધોરણ ખરેખર બઢતી મળે ત્યારે પ્રાપ્ત થશે. |
| ૫૦ | સીધી ભરતીથી જોડાયેલ કર્મચારીને જૂની સેવામાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવીને નવી સેવામાં આવે તેવા કિસ્સામાં શું જોગવાઇ છે. | સીધી ભરતીથી જોડાયેલ કર્મચારીને જૂની સેવામાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવીને નવી સેવામાં આવે તેવા કિસ્સામાં નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક. પગર/૧૧૨૦૦૨/૭૫/મ તા. ૧/૫/૨૦૦૨ મુજબ કરાયેલ જોગવાઇઓ અનુસાર. |
| ૫૧ | ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા બાદ કર્મચારીને પ્રાપ્ત થયેલ બઢતીનો તેના દ્વારા અસ્વીકાર કરવાના સંજોગોમાં શું જોગવાઇ છે. | (૧) કર્મચારીને બઢતીના સંદર્ભમાં અપાયેલ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ પરત ખેંચી મૂળ પગાર ધોરણમાં મુકવામાં આવશે.<br>(૨) બઢતી પૂર્વે ચૂકવેલ ઉચ્ચત્તર પગારની રકમ વસુલ કરવામાં આવશે નહિં. |



Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૫૨ | વર્ગ-૪ના કર્મચારીઓના કિસ્સામાં પ્રથમ અને દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા અંગે શું જોગવાઇ છે. | (૧) સા. વ. વિભાગના તા. ૨૩/૫/૨૦૦૬ના ઠરાવ ક્ર. સીઆરઆર/૧૦૨૦૦૪/૧૬૧૯/ગ.૨ મુજબ તા. ૨૩/૫/૨૦૦૬ના ઠરાવ બાદ ભરતી થયેલ વર્ગ-૪ના કર્મચારીઓને તેઓનું નિયમિત પગાર ધોરણ ૪૪૪૦-૭૪૪૦ પે બેન્ડ વત્તા ૧૩૦૦ ગ્રેડ પે થયા બાદ ૧૨ વર્ષે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ૪૪૪૦-૭૪૪૦ પે બેન્ડ વત્તા ૧૪૦૦ ગ્રેડ પે અને ૨૪ વર્ષે દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ ૪૪૪૦-૭૪૪૦ પે બેન્ડ વત્તા ૧૬૫૦ ગ્રેડ પે આપવાનું થાય<br>(૨) તા. ૨૩/૫/૨૦૦૬ના ઠરાવ અગાઉ ભરતી થયેલ વર્ગ-૪ના કર્મચારીઓને તા. ૨/૭/૨૦૦૭ના ઠરાવની જોગવાઇ મુજબ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ૨૬૧૦-૩૫૪૦ અને દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ ૨૬૫૦-૪૦૦૦ મળવાપાત્ર થશે. |
| ૫૩ | ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થતાં કર્મચારીનો પગાર કેવી રીતે નક્કી કરવામાં આવશે. | ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના નિયમ ૧૧(૧) અનુસાર બઢતી મુજબ (કર્મચારી વિકલ્પ આપી શકે છે) |
| ૫૪ | ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવ્યા બાદ કર્મચારીને પ્રાપ્ત થયેલ બઢતીના કિસ્સામાં પગાર નક્કી કરવા શું જોગવાઇ છે. | (૧) જો બઢતીવાળી જગ્યા અને ઉચ્ચત્તર પગાર ધોરણ સમાન હોય તે કિસ્સામાં નવેસરથી કોઇ પગાર નક્કી કરવાનો રહેશે નહિં.<br>(૨) જો બઢતીવાળી જગ્યાનું પગાર ધોરણ, ઉચ્ચત્તર પગાર ધોરણ કરતાં ઊંચુ હોય તેવા કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના નિયમ ૧૧(૧) અનુસાર (કર્મચારી વિકલ્પ આપી શકે છે) પગાર નક્કી કરવાનોરહેશે. |
| ૫૫ | | |
| | | |

KUMUDCHANDRA GOR



Scanned by CamScanner